# સાબરકાંઠામાં માવઠાએ ઘઉંનો દાટ વાળ્યો

## હજારો હેક્ટર જમીનમાં કાપણી કરેલા ઘઉં ઘાસ સાથે પલળી ગયા



એક બાજુ કોરોના વાયરસ દેશના અર્થતંત્રને હલાવી દીધું છે ત્યારે ગુરુવારે રાત્રે સાબરકાંઠા જિલ્લામાં થયેલા માવઠાએ હજારો હેક્ટર જમીનમાં ખેડૂતોએ કાપણી કરેલ ઘઉં ઘાસ સાથે પલળી જતા ખેડૂતોના માથે નવી આફત આવી પડી છે. એક અંદાજ પ્રમાણે સાબરકાંઠા જિલ્લામાં અંદાજે દસ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ખેડૂતોએ કાપણી કરીને મશીનથી કાઢી ઘરે લાવવાની તૈયારી કરતા હતા. ત્યા ગુરુવારની રાત્રે અગિયાર વાગ્યાના સુમારે જીલ્લામાં સર્વત્ર કમોસમી વરસાદ હિંમતનગર પ્રાંતિજ તલોદ ઈડર વડાલી ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગરમાં વીજળીના કડાકા અને પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો જેને લઈને લોકો ઉંઘમાંથી જાગી ગયા હતા પરંતુ કુદરતની આ લીલા સામે કાળા માથાનો માનવી લાચાર હોવાને કારણે તે માવઠાને લઈને અવાક બની ગયેલ છે. આ અંગે ખેડૂત રામાભાઈ પટેલ, કાન્તીભાઈ પટેલ, સંજય પટેલ, નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે થોડા દિવસ પહેલા વાવાઝોડા સાથે વરસાદને લઈને પિયત ઘઉં જમીનદોસ્ત થયા હતા ત્યારબાદ ગઈકાલે રાત્રે ભારે પવન, વાવાઝોડા અને વીજળીના કડાકા સાથે જીલ્લામાં અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો જેને લઈને કાપણી કરવાના સમયે પાકેલા ઘઉંમાં વરસાદથી દાણો પોચો અને કાળો પડી જાય છે જેથી તેનો ભાવ ઓછો આવે છે.

આમ ઉત્પાદન ઓછુ એમાય ઘઉં કાળી ડાગી થતા ભાવ પણ ઓછો મળે છે તેથી હવે અગામી સમયમાં ખેડૂતોને મંડળીમાં લોન પણ ખેડૂત ભરી શકે તેમાં નથી. બીજી તરફ ઘઉંના પાકમાં પડેલા પાણીને કારણે ઘઉંનો રંગ બદલાઈ જશે જેથી બજારમાં તેના ભાવ પણ ગગડી જશે તેમ છતાં જગતનો તાત આજે પોતાની રહી સહી આશાઓને જીવંત રાખી પોતાના પડી ગયેલા પાકને બચાવવા શુક્રવારથી ખેતરોમાં જઈને મથામણ કરી રહ્યો છે. હજુ તો આગામી તા. ૩૦ માર્ચ સુધી વાતાવરણ વાદળછાયુ રહેવાની હવામાન વિભાગે કરેલી આગાહીને કારણે બિચારો અને બાપડો ખેડૂત સરકારની સહાય નજર રાખીને મીટ માંડી બેઠો છે. માવઠાને કારણે સાબરકાંઠા જિલ્લામાં અંદાજે કરોડો નુકસાન થયું હોવાનું ખેતીવાડી વિભાગના સૂત્રોમાંથી જણાવાયું છે જો કે નુકસાન અંગે સર્વે કરાશે એમ જણાવાયું છે.

## ઉત્તર ગુજરાતમાં કોરોનાનો કહેર અને કમોસમી માવઠાના બેવડા મારથી ખેડૂતોની હાલત દયનીય

### ઘઉંનો તૈયાર પાક પલળી જતા કરોડોનું નુકશાન

કોરોનાએ આખા વિશ્વને હચમચાવી મૂકી દીધું છે. હાલમાં જ્યાં જોવ ત્યાં બસ કોરોના જ કોરોના સંભળાય રહ્યું છે. કોરોનાના કહેર વચ્ચે સાયક્લોનિક સહીત અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં ભારે પલટો આવવાની સાથે અરવલ્લીમાં વીજળીના ચમકારા વચ્ચે કડાકા-ભડાકા સાથે મેઘરાજાએ એન્ટ્રી ખેડૂતના ખેતરનો ઉભો તૈયાર પાક ઘંઉ, ચણા, વરિયાળી, જીરૂ જેવા પાકને વ્યાપક નુકશાનીનો સામનો કરવાનો વારો આવ્યો છે. લોકડાઉનના કારણે વિવિધ



સર્ક્યુલેશનથી ગુજરાતના વાતાવરણમાં ભારે પલટો આવ્યો હતો, કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદી માવઠું થતા ખેડૂતોનો ખેતરમાં ઉભો અને લણીને રાખેલા પાક બગડી જવાની ભીતિ પેદા થતા ખેડૂતો દયનિય સ્થિતિ વચ્ચે જીવી રહ્યા છે. કમોસમસી વરસાદ પછી વાતાવરણ સતત વાદળછાયું રહેતા માવઠાથી પલળેલા પાકમાં ભારે નુકશાન થશે મોસમે કરવટ બદલાતા ઉનાળાને પ્રારંભે ચોમાસા જેવો માહોલ જોવા મળતા મિશ્ર ઋતુથી વાઈરલ ઈન્ફેકશનના દર્દીઓમાં પણ નોંધપાત્ર વધારો પેદા થવાની દહેશત પેદા થઈ છે.

ગુરુવારે રાત્રે ઉત્તર ગુજરાત કરતા કમોસમી વરસાદથી ખેડૂતોના ખેતરમાં તૈયાર લણીને રાખેલા ઘઉંનો પાક પલળી જતા અને ભારે પવનથી ખેતરમાં રહેલા ઘઉંના પાકના પુળીયા પણ ઉડી ગયા હતા. કમોસમી વરસાદથી ખેડૂતોના હાથમાં આવેલ કોળિયો છીનવતા ખેડૂતોની હાલત કફોડી બની છે.

ખેડૂત અગ્રણી છગનભાઈ પંચાલના જણાવ્યા અનુસાર કમોસમી વરસાદથી ખેડૂતો વધુ એકવાર લાચાર સ્થિતિમાં આવી ગયા છે. કમોસમી માવઠાથી ઘઉંનો પાક પલળી જતા જગતનો તાત ખેડૂતની કફોડી હાલત થઈ છે. દેશભરમાં લોકડાઉનનો અમલ થઈ રહ્યો છે. ત્યારે પાકને લણવા મજૂર મળતાં નથી અને જગતનો તાત ખેડૂત ચિંતામાં મુકાઈ ગયો છે. કરવું તો કરવું શું. ખેડૂત હતાશ બની ભગવાન ભરોસે બેઠો હોવાનું જણાવ્યું હતું.

## બનાસકાંઠામાં ચૈત્રમાં વરસાદી માહોલ જામતા ખેડૂતો ચીંતાતુર

### બીજા દિવસે ઉઘાડ નીકળતા હાશકારો

કોરોના વાયરસના કહેર વચ્ચે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ થયો છે. વહેલી



સવારથી વાતાવરણમાં પલટો આવતાં અમુક વિસ્તારોમાં ગુરુવારની રાત્રે ભારે પવન અને ગાજવિજ સાથે વરસાદ પડ્યો હતો. બનાસકાંઠામાં વરસાદથી ઘઉં, રાયડો અને જીરાના પાકને નુકશાનની ભીતી સેવાઈ રહી છે. બનાસકાંઠા અને પાટણમાં બદલાયેલા વાતાવરણને કારણે ઠેરઠેર વરસાદી છાંટાં પડયા હતા. અચાનક આવેલા વરસાદથી જગતનો તાત મૂંઝાયો છે. વરસાદ ચાલુ થતાંજ ખેડૂતોના જીવ તાળવે બંધાયા છે. કોરાના વાયરસના કારણે એકબાજુ લોકો ભયભીત છે તો બીજી બાજુ કુદરતી આફત સામે પણ લોકો લાચાર બન્યા છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણમાં વાતાવરણ પલટાતા કમોસમી વરસાદ આવ્યો છે. બનાસકાંઠાના લાખણી, ડીસા, થરાદ, ધાનેરા અને દિયોદર પંથકમાં વરસાદ આવતાં ખેડૂતો મુંઝાયા છે. ખેડૂતોને ખેતીમાં ભારે નુકશાન જવાની શક્યતા સેવાઈ રહી છે. અચાનક વરસાદથી જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો છે. આ તરફ વરસાદ હોવા છતાં પણ પોલીસ પોતાની ફરજ પર હાજર હોવાનું સામે આવ્યું છે. જો કે બીજા દિવસે શુક્રવારે વાદળાં વિખેરાઈ જતા ખેડૂતો સહિત તમામે હાશકારો અનુભવ્યો હતો.

## અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદ વરસતા ધનસુરામાં ઘઉંના પાકને નુકસાન

ધનસુરા, તા. ૨૭ અરવલ્લી જિલ્લામાં રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ઘઉંના ઉભા પાકમાં કમોસમી વરસાદ વરસતા ખેતરમાં પાકને નુકસાન થયું હતું અને ઘઉં પડી જવા વરસ્યો હતો. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. કમોસમી વરસાદ વરસતા ખેડૂતો



૨૬-૩-૨૦૨૦ના રોજ રાત્રે અરવલ્લી જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. કમોસમી વરસાદ વરસતા ધનસુરા તાલુકામાં પણ ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ધનસુરાના ખેડૂત જિતેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે તેમના ખેતરમાં ઘઉંના પાકને ભારે નુકસાન થયું હતું. અને ખેતરમાં પાણી ભરાઈ ગયું હતું. જિતેન્દ્રભાઈ જેવા ગણા ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જિલ્લાના ધનસુરામાં ગાજવીજ અને પવન સાથે સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત મોડાસા, બાયડ, ટીંટોઈ, વડાગામ, મેઘરજમાં પણ વરસાદ ચિંતિત બન્યા હતા. કમોસમી વરસાદથી વરિયાળી, જીરુ, ઘઉંના પાકને નુકસાન થવાની સંભાવનાથી ખેડૂતો ચિંતિત બન્યા હતા. ધોધમાર વરસાદથી ઘઉંના પાકને નુકસાન થયું હતું. કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ સર્જાય હતું મોડી રાતે વાદળછાયા વાતાવરણ વચ્ચે વીજ કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

## ડીસાના બનાસ પુલ પાસે ત્રિપલ અકસ્માતમાં બેના મોત

### બાઇવાડા ગામના પોલીસ જવાન સહિત બે પિતરાઈ ભાઈના મોતથી અરેરાટી

ડીસા, તા. ૨૭

ડીસાના મહાકાળી મંદિર સામે શુક્રવારે બપોરે આગળ જઈ રહેલ આઈસર ટ્રકના ચાલકે બ્રેક મારતા મોટર સાયકલ પર આવી રહેલ પોલીસ જવાન સહિત બન્ને પિતરાઈ ભાઈઓ આઈશર સાથે ટકરાયા બાદ પાછળથી ટ્રકચાલકે ટક્કર મારતા બન્ને યુવકોના ઘટના સ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. બાઈવાડા ગામના આશાસ્પદ પિતરાઈ ભાઈઓના મોત થતાં ગામમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

અકસ્માતની વિગત એવી છે કે ડીસા તાલુકાના બાઈવાડા ગામના અને પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મુકેશકુમાર ખેંગારભાઈ રાવળ અને તેમના પિતરાઈ ભાઈ જશવંતભાઈ શાંતિભાઈ રાવળ શુક્રવારે બપોરે પોતાના મોટરસાયકલ પર બાઈવાડાથી ડીસા તરફ આવી રહ્યા હતા. જે દરમિયાન બનાસ નદીના કિનારે આવેલ મહાકાળી માતાના મંદિરની સામે આગળ જઈ રહેલ આઈસર ચાલકે અચાનક જ બ્રેક મારતા બાઈક આઈસર સાથે ધડાકાભેર ટકરાયુ હતુ. જો કે પાછળથી પુરઝડપે આવી રહેલ ટ્રકના ચાલકે પણ બાઈકને ટક્કર મારતા બંને યુવકો ના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયા હતા.

અકસ્માતની જાણ થતા જ ડીસા તાલુકા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ બંને મૃતકોની લાશને સિવિલ હોસ્પિટલમાં મોકલી ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા તાલુકાના બાઈવાડા ગામના બંને આશાસ્પદ યુવકોના મોતથી પરિવાર સહિત ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા છે.

## ગુજરાતમાંથી રાજસ્થાનમાં પ્રવેશતા ૧.૫ લાખ લોકોનું સેનેટાઈઝિંગ અને સ્ક્રીનિંગ હાથ ધર્યું

### શામળાજી પોલીસ અને લોકોએ ચા-નાસ્તો અને ફૂડ પેકેટ આપ્યા

કોરોનાના કારણે સમગ્ર રાજ્યમાં બાંધકામ ઉદ્યોગ, નાના-મોટા કારખાના અને ફેકટરીઓમાં કામ કરતા પર અટવાતા વિકટ પરિસ્થિતિનું નિર્માણ થતા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત ઉદેપુર ખાતે દોડી આવી સ્થાનિક પ્રદેશના રાજ્યોમાં ધંધા-રોજગાર અને આજીવિકા માટે સ્થાયી થયેલા લોકો લોકડાઉનની જાહેરાત સાથે જ હતા. લોકડાઉનમાં હોટેલ અને તમામ દુકાનો પણ બંધ રહેતા હાલત કફોડી બનતા શામળાજી મહિલા આપી હતી.

રાજસ્થાન સરકારે આંતરરાજ્ય સરહદો પરથી સીલ હટાવી દઈ કામગીરી હાથ ધરી હતી રાજસ્થાનના ડુંગરપુર જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્યતંત્ર અને પોલીસતંત્રે ખડે પગે



પરપ્રાંતિય શ્રમિકોનો મોટો સમૂહ ગુજરાત છોડી વતન તરફ પગપાળા પ્રયાણ કર્યું હતું. કોરોના કહેરને પગલે રાજસ્થાન સરકારે આંતરરાજ્ય સરહદો સીલ કરતા ગુજરાતમાંથી અંદાજે દોઢ લાખથી વધુ લોકો રાજસ્થાનમાં પ્રવેશતા સરહદ પ્રશાસનતંત્ર-આરોગ્ય વિભાગને સૂચના આપી ગુજરાતમાંથી પ્રવેશતા તમામ લોકોનું રજીસ્ટ્રેશન કરી સૅનેટાઈઝશન કરી પ્રવેશ આપવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

રાજસ્થાનમાંથી ગુજરાત સહીત દક્ષિણ રાજસ્થાનીઓએ ખાનગી વાહનો અને જે વાહન મળ્યું તે લઈ અને પગપાળા વતન તરફ પ્રયાણ કરતા માર્ગો પર કીડિયારું ઉભરાયું હતું. રાજસ્થાનની સરહદો સીલ હોવાથી લોકો રતનપુર ચેકપોસ્ટ નજીક અટવાયા પીએસઆઈ એસ.એમ. પરમાર અન્નક્ષેત્રના સંચાલકો બાબુકાકા, નીતિન પંડ્યા સહિતના લોકોએ તમામ શ્રમિકો માટે પાણી ચા-નાસ્તા અને ફૂડ પેકેટની વ્યવસ્થા કરી ખડેપગે ત્રણ દિવસ સુધી સેવા પુરી પાડી રાજસ્થાનીઓને હૂંફ ગુજરાતમાંથી પરત ફરતા લોકોને પ્રવેશ આપવા માટે કામગીરી હાથ ધરી લોકોનું રજીસ્ટ્રેશન અને સેનેટરી જ કરીને જે ગામના હોય તે ગામનું નામ સરનામું લખીને રાજસ્થાનની બસો મારફતે તેમના વતન મોકલવા સરહદ પર ઉભો રહીને તપાસ હાથ ધરી બીમાર અને તાવ શરદી ઉધરસ ખાંસીના લક્ષણો ધરાવતા લોકોને ડુંગરપુર સારવાર અર્થે અને આઈસોલેશન માટે ખસેડવાની કામગીરી રાઉન્ડ ધી ક્લોક ચાલી રહી છે.